મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

03-01-2025
શુક્રવાર
વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૭૩
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367




## મહેસાણા તાલુકાના અનેક ગામોમાં સરપંચની ચૂંટણી ન થતા વહીવટદારોનું રાજ

# વહીવટદારોના નામની જેમ વહીવટ મોટા મોટાને વિકાસ આછા પાતળા

## નામ બડે ઓર દર્શન ખોટે જેવો ઘાટ.. અનેક ગામોમાં વિકાસનું ગળું રૂંધાઇ ગયું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

મહેસાણા જિલ્લામાં અનેક ગામોમાં ગ્રામ પંચાયતની ચૂંટણી હાલ સુધી થઈ શકી નથી અને તેના કારણે વહીવટદારોની નિમણુંક કરવામાં આવી છે. વહીવટદાર તરીકે તલાટી કમ મંત્રીની નિમણુંક કરવામાં આવી છે. જો કે સરપંચ વગર નધણિયાતા બનેલા ગામોમાં વહીવટદારોએ પોતાના હોદ્દાના નામની જેમ જ મોટા મોટા વહીવટ કરવા માંડયા છે અને ગામના વિકાસના નામે મીંડું જોવા મળી રહ્યું છે. છેલ્લા સમયથી ચાલતી આ વ્યવસ્થા સામે હવે ગ્રામજનો પણ સવાલો ઉઠાવી રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા કેટલા ગામડાઓમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાનું ટાળ્યું છે અને તેના કારણે જે ગામોમાં સરપંચની ટર્મ પૂરી થઈ ગઈ છે ત્યાં વહીવટદારની નિમણૂક કરવામાં આવી છે વહીવટદાર તરીકે તલાટીઓને મૂકવામાં આવે છે. સરપંચ ન હોવાના કારણે આ તલાટીઓને ફાવતું મળી ગયું છે. અને તેના કારણે

**કામો માત્ર કાગળ ઉપર જ રહેતા હોવાના આક્ષેપ**

**સરપંચ ન હોવાના કારણે વહીવટદારોની નિમણૂક કરવામાં આવી છે અને આ વહીવટદારો કેટલાક કામો બારોબાર ઉપલી કચેરીના અધિકારીઓ સાથે મીલીભગત કરી પતાવી દે છે ત્યારે કેટલાક કામો તો માત્ર કાગળ પર હોવાનું ગ્રામજનો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે. રોડ રસ્તાના જે જૂના કામો હતા તે પણ હાલમાં અટવાઈ પડ્યા છે અને વહીવટદારોને માત્ર પોતાના વહીવટમાં જ રસ હોય તેઓ આક્ષેપ ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહ્યા છે. કેટલાક ગામોમાં તો જુના સરપંચ પણ આ તલાટીઓના તરફેણમાં આવી તેઓને પ્રોત્સાહિત કરી રહ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.**

માત્ર મોટા મોટા વહીવટો કરવામાં આવે છે પરંતુ કામ જરાય કરવામાં ન આવતું હોવાના આક્ષેપો ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા છે. અનેક ગામોનો વિકાસ રૂંધાયો છે જોકે કેટલાક તો એમ કહે છે કે આ ગામોના વિકાસનો ગળું રૂંધાઈ ગયું છે વિકાસ એ ગળે ફાંસો ખાઈ લીધો હોય તેમ લાગી રહ્યું છે.

વહીવટદારના વહીવટમાં ગ્રામજનો અનેક સહાયથી વંચિત રહી ગયા છે અને કેટલાકને તો જે કામ પૂર્ણતાને આરે હતું. તે કામ હજુ સુધી થયું ન હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા સરપંચ માટેની ચૂંટણીઓની તારીખો ઝડપથી જાહેર કરવામાં આવે તો આ ગામડાઓનો વિકાસ પુનઃવેગવંતો બને તેમ લોકો માની રહ્યા છે.



## નધણિયાતા બનેલા ગામોમા વહીવટદારોએ પોતાના હોદ્દાના નામની જેમ જ મોટા મોટા વહીવટ કરવા માંડયા છે અને ગામના વિકાસના નામે મીંડું જોવા મળી રહ્યું છે

### નગરપાલિકામાં સત્તાધીશોના બોર્ડ લાગેલા હતા એ પણ ઉતારી લેવાયા

## મહેસાણા નગરપાલિકાને મહાપાલિકાનો દરજ્જો મળતાં મહાનગરપાલિકાના બોર્ડ લગાવી દેવાયા



(ગરવી તાકાત) મહેસાણા તા.૨

મહેસાણા નગરપાલિકાને મહાનગરપાલિકા જાહેર થતાની સાથે કચેરીમાં ગત મોડી રાત સુધી કામગીરી ચાલી હતી.આ દરમિયાન રાતોરાત મહાનગરપાલિકા ના બોર્ડ લગાવી દેવાયા હતા.તો આજે સવારે મહેસાણા પાલિકાની બે બાજુ જ્યાં નગરપાલિકા ના બોર્ડ હતા ત્યાં આજે પણ મહાનગરપાલિકા ના બોર્ડ લગાવી દેવાયા છે.

મહેસાણા મહાનગરપાલિકા જાહેર થતા જ પાલિકામાં આજે સવાર થી કચેરીમા રંગારંગ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે પાલિકાના કેટલીક જગ્યા પર સફેદ કલર પણ કરવામાં આવી રહ્યો છે.ત્યારે કચેરીમાં જે જૂની બોડી હતી અને જ્યાં સત્તાધીશો ના બોર્ડ લાગેલા હતા એ બોર્ડ પણ ઉતારી લેવામાં આવ્યા છે.ત્યારે પાલિકા પાર્કિંગમાં જે અસ્તવ્યસ્ત હોવા મળતા હતા એ દરમિયાન નવા મ્યુનિસિપલ કમિશનર આવતા હોબાથી આજે પાલિકા બહાર પાર્કિંગ વ્યવસ્થા સારી જોવા મળી ત્યારે કેટલીક જગ્યા પર દવા પણ છટકાવ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ નવા મ્યુનિસિપલ કમિશનર આવતા હોવાથી કર્મચારીઓ બુકે પણ લાવ્યા હોવાનુ જાણવા મળ્યું હતું.

### નવી રચાયેલી મહેસાણા મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે

## મહેસાણા જિલ્લા કલેકટર એમ.નાગરાજને કાર્યભાર સંભાળ્યો : સાર્વત્રિક આવકાર



(ગરવી તાકાત) મહેસાણા તા.૨

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકે રાજયમાં નવી નવ મહાનગરપાલિકાઓ કાર્યરત કરવાની મંજૂરી ગઈકાલે આપી છે. જેમાં મહેસાણા નગરપાલિકાને પણ મહાનગરપાલિકા તરીકે મંજૂરી આપવામાં આવી છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અધિસુચના ક્રમાંક **Nokv 17 of 2025-UDUHD/COC/e-file/18/20246140/P section** પ્રમાણે મહેસાણા જિલ્લા કલેકટરશ્રી એમ નાગરાજનને મહેસાણા મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે મૂકવામાં આવ્યા છે.

જે અન્વયે આજરોજ મહેસાણા મહાનગરપાલિકા ખાતે જિલ્લા કલેકટરશ્રી એમ નાગરાજને મહેસાણા નગરપાલિકાના પ્રમુખ ડૉ. મિહિર પટેલ પાસેથી મહેસાણા મહાનગર પાલિકાનો વહીવટદાર તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવી મહાનગરપાલિકા તાત્કાલિક અસરથી અમલમાં આવતા આ નગરપાલિકાની વર્તમાન પાંખની અવેજીમાં હવે જિલ્લા કલેકટર મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે ફરજો બજાવશે.

## કડીના ધુમ્મટીયા વિસ્તાર તળાવ પાસે લાખોના ગાંજાનું વાવેતર ઝડપાયુ, ૧ વ્યકિતની ધરપકડ

(ગરવી તાકાત) કડી તા.૨

કડીમાં ઘણા સમયથી અસમાજીક તત્વો કાયદો અને વ્યવસ્થાને લઈ સવાલો ઉભા થયા છે. દારુની હેરાફેરી, જુગાર, મેચની બુકો,એમડી ડ્રગ્સનું વેચાણ, કેમીકલ યુક્ત તાડી સહીત અને ગેરકાયદે ધંધા ધમ ધોકાટ ચાલી રહ્યા છે. જે કે નવા આવેલી પોલીસ અધિકારીના રાજમાં અસમાજીક તત્વો પર લગામ લાગશે તેવી લોકો આશા રાખીને બેઠા છે. તેવામાં ધુમ્મટીયા વિસ્તારમાં તળાવના કિનારે મંદીરના પરીસર માંથી લાખોના ગાંજાનું વાવેતર કડી પોલીસે ઝડપી પાડ્યું છે. જેમાં એક વ્યકિતની ધરપકડ કરવામાં આવી છે .તેમજ આસપાસના વિસ્તારનું પોલીસ ચેંકીગ કરી અન્ય લોકોની પણ સંડોવણી છે કે નહી તે પણ તપાસ કરી શકે તેમ છે.



કડી પોલીસ મથકની હદમાં આવેલા ધુમ્મટીયા વિસ્તારમાં તળાવના કિનારે રામ ઘાટ મંદીર પરીસર માં ખુલ્લી જગ્યામાં આરોપી ઠાકોર ગાંડાજી કચરાજી પોતાની ભોગવટાની જગ્યામાં લીલા ગાંજાના છોડનું વાવેતર કર્યુ છે. તેવી બાતમીના આધારે કડી પોલીસે દરોડા પાડતા ગાંજાના ત્રણ છોડ મળી આવ્યા હતા. જેનું વજન ૪૫૦ ગ્રામ તેમજ તેની કિંમત ૧,૧૪,૫૦૦ માનવામાં આવે છે. પોલીસે આરોપી ઠાકોર ગાંડાજી કચરાજી ની ધરપકડ કરી વધુ તપાસ આંરભી છે જેમ કે કોના કહેવાથી, ક્યારથી તેમજ આસપાસ તળાવના કિનારે બેસનાર અને રહેનારની પુછપરછ કરી અન્ય કોઈ જગ્યા પર આ પ્રકારનું વાવેતર થાય છે કે કેમ તેમજ ધુમ્મટીયા વિસ્તારમાં તળાવના કિનારે અન્ય કોઈ પ્રકારની ગેરકાયદે કામો ચાલી રહ્યા છે કે નહી તે દિશામાં તપાસ આંરભવા માં આવી છે.

લોકોને જાગૃત કરવાનો પ્રયાસ મહત્વનું છે કે, એક તરફ ગુજરાત સરકાર, પોલીસ અને સમાચાર માધ્યમ દ્વારા નશીલા પદાર્થને લઈને લોકોને જાગૃત કરવામાં આવે છે. ત્યારે કડી ધુમ્મટીયા વિસ્તારમાં તળાવના કિનારે ગાજાનું વાવેતર કરતા મંદીર પરીસરમાં કરતા ઝડપાતા આસપાસના વિસ્તારોમાં વાતુના વંટોળા ફરી વળ્યા છે. ઉલ્લેખનીય છે કે, કડીના નવા પોલીસ ઈન્સપેક્ટરે નશીલા પદાર્થનું વેચાણ કરતા તત્વોને કડક કાર્યવાહીનો મેસેજ આપતા અસમાજીક તત્વોમાં ફફડાટ વ્યાપો છે.




# સાંસ્કૃતિક ક્ષતિની ભરપાઈ જરૂરી

તાજેતરમાં જ દેશના પીઆઈએલ મેન કહેવાતા વરિષ્ઠ વકીલ અશ્વિની ઉપાધ્યાયે સુપ્રીમ કોર્ટમાં એક જનહિતઅરજી દાખલ કરીને એવી માંગ કરી હતી કે વિદેશી આક્રમણખોરો દ્વારા બદલવામાં આવેલા દેશનાં વિભિન્ન સ્થળોના નામો ફરી પૂર્વવત કરવા માટે એક આયોગની રચના કરવામાં આવે. પરંતુ સુપ્રીમ કોર્ટે કહ્યું કે દેશની વર્તમાન પેઢીને ભૂતકાળની બંધક ન બનાવી શકાય. જોકે આ એવો વિષય છે જેમાં ન્યાયાલયમાં જવાની જરૂર જ નથી. આ દિશામાં જે કંઈ સંભવ છે તે કાર્યપાલિકાના સ્તરે જ છે. એ પ્રશ્ન જોકે વિચારણીય છે કે સ્થળોના નામમાં બદલાવની જરૂરિયાત કેમ છે? અસલમાં સ્થળોના નામમાં પરિવર્તનનો વિષય ભારતની મૂળ સાંસ્કૃતિક ઓળખ સાથે જોડાયેલ છે. દેશનાં વિભિન્ન નગરો અને સ્થળોનાં જે નામ આપણા પ્રાચીન ધાર્મિક ગ્રંથોમાં મળે છે, તે આપણા ભૂતકાળની ગૌરવશાળી વિરાસત અને મહાન પરંપરાઓ સાથે જોડનારા છે. વિદેશી આક્રમણખોરોના નિશાના પર આ સાંસ્કૃતિક ઓળખ જ હતી. તેને ખતમ કર્યા વિના તેઓ ભારત પર પોતાની સંપ્રભુતા સ્થાપિત નહોતા કરી શકતા. આક્રમણખોરોનો એ જ ઉદ્દેશ્ય હતો કે ભારતની મૂળ ઓળખને નષ્ટ કરીને તેના પર પોતાની ઓળખ થોપી દેવી.

જોકે સુપ્રીમ કોર્ટ તરફથી આવી ટિપ્પણીઓ આવી એટલે સ્વાભાવિક રીતે મથાળાંમાં ચમકી. પરંતુ તેમને એ રીતે રજૂ કરાઈ, જાણે કોર્ટે નવા નામકરણ વિરુદ્ધ સ્ટેન્ડ લીધું હોય. અરજીમાં ગૃહ મંત્રાલયને નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી કે તે પુનઃનામકરણ આયોગની રચના કરે. સુપ્રીમે એવો નિર્દેશ આપવાનો ઈનકાર કર્યો અને એમાં જ અરજીકર્તા અશ્વિની ઉપાધ્યાયને કહ્યું કે હજારો સડકો છે મુસ્લિમ નામ પર. કહો, તેનાથી તમારા કયા મૌલિક અધિકારનું હનન થયું? સુપ્રીમ કોર્ટની પીઠે કહ્યું કે કોર્ટ જ્યારે અનુચ્છેદ-૩૨ અંતર્ગત દાખલ કરાયેલ અરજી પર સુનાવણી કરે છે તો મૌલિક અધિકારોને લાગુ કરવા પર વિચાર કરે છે. આ પ્રકારની અરજીઓ પર વિચાર કરવા માટે તેની પાસે મૌલિક અધિકારોનું જ માળખું છે. તેનાથી બહાર જઈને કોર્ટ વિચારી શકતી નથી. અરજીને નકારવાનું કારણ પણ આ જ છે.

ખરેખર તો આ મામલો સમાજ અને રાજનીતિ સાથે જોડાયેલો છે. અદાલતમાં આવા કેસો ત્યારે જ જાય જ્યારે કોઈ નામને બદલવા વિરુદ્ઘ તેની પાસે અરજીઓ આવશે કે એક જગ્યા પર બે કે વધારે પક્ષો દાવો કરશે. કોર્ટ જો સરકારને આ રીતે નિર્દેશ આપવા લાગે તો તો પત્યું!

જ્યારે સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે તમારા કયા મૌલિક અધિકારનું હનન થઈ રહ્યું છે તો અરજીકર્તાએ જણાવ્યું કે ગરિમા (અનુચ્છેદ-૨૧) સંસ્કૃતિ, ધાર્મિક સ્વતંત્રતા અને ઈતિહાસને જાણવાના તેમના અધિકારનું હનન થઈ રહ્યું છે. એ હકીકત છે કે વિદેશી આક્રમણખોરોએ જૂની જગ્યાઓના મૂળ નામ બદલી નાખ્યા. ઉદાહરણ તરીકે, એક શક્તિપીઠ કિર્તેશ્વરી છે, પરંતુ આક્રમણખોરોએ તેનું નામ મુર્શિદાબાદ કરી નાખ્યું છે. આ રીતે અનેક ઐતિહાસિક તથ્યો અરજીકર્તાએ રજૂ કર્યા હતાં. જોકે એમ કહેવું ખોટું છે કે અદાલતે આ તથ્યોનો અસ્વીકાર કરી દીધો. જસ્ટિસ નાગરત્નાએ કહ્યું પણ ખરું કે વિદેશી આક્રમણખોરોએ ભારત પર રાજ કર્યું, આ એક ઐતિહાસિક તથ્ય છે, પરંતુ અરજીથી શું હાંસલ કરવું છે? પાછળ જોવાને બદલે આપણે આગળ કેમ ન વધવું જોઈએ? સુપ્રીમે કહ્યું કે ભારતે કાયદાના શાસન, પંથનિરપેક્ષતા અને બંધારણને અપનાવ્યા છે, જેના પર અનુચ્છેદ-૧૪ એટલે કે સમાનતાનો અધિકાર ટક્યો છે. તે સરકારી કાર્યવાહીમાં સમાનતા અને નિષ્પક્ષતાની ગેરંટી આપે છે.પરંતુ નિષ્પક્ષતાનો મતલબ શો છે? એના પર અદાલતમાં આગળ કોઈ અરજી આવશે તો એના પર ચર્ચા થશે. ત્યારે એના પર કોર્ટની ટિપ્પણી આવી શકે છે. હાલમાં તેના વિશે વાત નથી થઈ. આગળ સુપ્રીમ કોર્ટની આ મામલે કરવામાં આવેલ ટિપ્પણીઓ સાથે જોડાયેલ કેટલાંક પાસાં છે, જેના પર દેશનો એક મોટો વર્ગ ભવાં ચડાવતો રહે છે. આ મુદ્દા જોઈએ તો, અદાલતે આક્રમણખોરોના હુમલા અને નામો બદલવાની કૃતિઓને સાચી માની છે. પીઠે તેને ઐતિહાસિક તથ્ય કહ્યું તો તેનો ઉલ્લેખ કર્યા વિના તમે સમગ્ર વિશ્લેષણ ન કરી શકો. તેની ચિંતા એ હતી કે ભૂતકાળના વિષય ઉઠાવવાથી દેશનું ભલું નહીં થાય. અદાલતની ભાવના એ હતી કે દાટેલાં મડદાં ઉખાડવાથી કોઈ લાભ નથી થવાનો. જસ્ટિસ જોસેફે હિંદુત્વની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે હું ઈસાઈ છું પરંતુ હિંદુત્વનો પ્રશંસક છું, જે મહાન ધર્મ છે. જસ્ટિસ નાગરત્તે પણ હિંદુત્વને કટ્ટરતાથી પર ગણાવતાં કહ્યું કે હિંદુત્વ એક જીવન પદ્ઘતિ છે.

**તંત્રી : પ્રકાશ ચોધરી**

## રીઅલ એસ્ટેટ ક્ષેત્ર સંબંધી મહત્વનો ચુકાદો

# રીડેવલપમેન્ટ પ્રોજેકટમાં બહુમતી સભ્યો સંમત હોય તો અવરોધ ન ચાલે : પાંચ દુકાનદારોને હાઈકોર્ટનો 'દંડ'

અમદાવાદ, તા.૨

ગુજરાત હાઈકોર્ટની એક ખંડપીઠે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા બાંધવામાં આવેલા અને ૯૩% થી વધુ સભ્યોની બહુમતી સંમતિથી પુનર્વિકાસ (રિડેવલપમેન્ટ)માટે જઈ રહેલા નિધિ એપાર્ટમેન્ટના પાંચ દુકાન માલિકો પર ૧૦૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. હાઈકોર્ટે પુનઃવિકાસ પ્રક્રિયાને અવરોધવા બદલ ઓછી સંખ્યા ધરાવતા સભ્યોની ટીકા કરી હતી.

નિધિ એપાર્ટમેન્ટના લગભગ ૯૩% સભ્યો પુનઃવિકાસ માટે સંમત થયા છે, અને નવેમ્બર, ૨૦૨૨ માં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. લગભગ બે વર્ષ વીતી ગયા છે, છતાં પુનઃવિકાસનું કામ, એટલે કે, એપાર્ટમેન્ટનું પુનર્નિર્માણ, અરજદારો દ્વારા ઉભી કરવામાં આવેલી અવરોધને કારણે શરૂ થયું નથી, જેમનો ઈરાદો કોઈપણ ભોગે પુનર્વિકાસમાં વિલંબ કરવાનો છે, એમ જસ્ટિસ મૌલિક શેલતે તેમના ચુકાદામાં નોંધ્યું હતું.

અદાલતે વધુમાં અવલોકન કર્યુ



હતું કે, એપાર્ટમેન્ટના લઘુમતી સભ્યો દ્વારા બહુમતી સભ્યોના હિતને અસર કરે તે રીતે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આથી આવા પ્રયાસોને અટકાવવા જરૂરી છે. કોર્ટની ફરજ છે કે વિકાસને અટકાવતા લઘુમતી સભ્યો દ્વારા કરવામાં આવતી આવી ક્રિયાઓને શરૂઆતમાં જ દબાવી દેવી જોઈએ.

જે બહુમતી સભ્યોના અધિકારો અને હિતોને અસર કરે છે. જયારે અરજદારોની ક્રિયાઓ પ્રમાણિક નથી, ત્યારે આ કોર્ટ આવા અરજદારો પર દંડ લાદવો જરૂરી જણાય છે અને પાંચ અરજદારો પર રૂ. ૧૦૦૦૦ નો દંડ ફટકારવામાં આવે છે. નિધિ એપાર્ટમેન્ટ એસોસિએશન ૧૭ ઓક્ટોબર, ૧૯૮૯ ના રોજ નોંધાયેલું હતું. તેમાં ઉંચ્ચ શ્રેણીના ૧૦૦ ફલેટ અને ૬૦ દુકાનો છે. એપાર્ટમેન્ટનો કુલ વિસ્તાર લગભગ ૧૦,૭૫૨ ચોરસ ફૂટ છે. એપાર્ટમેન્ટના મેનેજમેન્ટે ૧૦૦ માંથી ૯૪ ફ્લેટ માલિકો અને ૬૦ માંથી ૪૮ દુકાન માલિકોની સંમતિ મેળવ્યા બાદ વર્ષ ૨૦૨૨ માં પુનર્વિકાસ માટે ઠરાવ પસાર કર્યો હતો. બાદમાં ફક્ત પાંચ દુકાન માલિકોએ વિવિધ કારણોસર પુનર્વિકાસ સામે વાંધો ઉઠાવ્યો હતો.

બહુમતી સંમતિ મેળવ્યા પછી, GHB, ફ્લેટ માલિકો સંગઠન અને એક ડેવલપર, મેસર્સ આર્ક નિર્માણ લિમિટેડ વચ્ચે ત્રિપક્ષીય કરાર કરવામાં આવ્યો હતો. આ વર્ષે એપ્રિલમાં આવા કરારના અમલ પછી, ફ્લેટ અને દુકાનોના કબજેદારોને ૩૦ દિવસની અંદર તેમના સંબંધિત મિલકત ખાલી કરવાની ફરજ પાડવામાં આવી હતી.

આમ, લગભગ ૯૦% થી વધુ કબજેદારોએ તેમના સંબંધિત મિલકતો ખાલી કરી દીધા છે. આ ફ્લેટ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા બાંધવામાં આવ્યા હોવાથી વાંધા વાળા દુકાનદારોને ખાલી કરવા માટે નોટિસ આપવામાં આવી હતી. જે રાજ્ય સરકારના સત્તામંડળ સમક્ષ પડકારવામાં આવી હતી.

ગયા મહિને સત્તામંડળ દ્વારા તેમના વાંધાઓને નકરી કાઢવામાં આવ્યા હતા. તેથી તેઓએ વિવિધ કારણોસર હાઈકોર્ટ સમક્ષ અરજી દાખલ કરી હતી. જો કે, હાઈકોર્ટ દ્વારા તેને સ્વીકારવામાં આવી ન હતી અને અરજીને ફગાવી દેવામાં આવી હતી.

# ખ્યાતિ હોસ્પિટલ કાંડના પીડિતોએ અલગથી પોલીસ ફરિયાદ કરવા અને વળતર મેળવવા ગુજરાત હાઇકોર્ટમાં કરી પીટીશન

અમદાવાદ,તા.૨

ખોટા ઓપરેશન કરીને સરકારી યોજનાનો કરોડો રૂપિયાનો લાભ લેવામાં ખ્યાતિ હોસ્પિટલકાંડ પીડીતો દ્વારા તેમના ખોટા ઓપરેશનો કરવામાં આવ્યા હોવાથી થયેલી વ્યથા પહોચાડવા બદલ અલગથી પોલીસ ફરિયાદ દાખલ કરવા અને વળતર મેળવવા માટે હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવી છે. તેની સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.

ખ્યાતિકાંડના પીડિતો તરફથી કરાયેલી અરજીમાં એ મતલબના મુદ્દા ઉઠાવાયા છે કે, કડીના બોરીસણા ગામથી ખ્યાતિ હોસ્પિટલકાંડમાં જે કેમ્પમાંથી હોસ્પિટલમાં લાવ્યા બાદ ૧૭ લોકોને વધુ સારવાર માટે ખ્યાતિ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, બાદમાં બે દર્દીના મૃત્યુ નીપજયા હતા.

જયારે બાકીના ૧૫માંતી પાંચ



જણાંની એન્જીઓપ્લાસ્ટી કરાઇ હતી અને તમામની એન્જીઓગ્રાફી કરવામાં આવી હતી. આ સારવાર લીધા બાદ પણ તેમના શરીરમાં નાની-મોટી તકલીફો ઉભી રહી છે અને માનસિક રીતે પણ તેઓ આઘાતમાં જીવી રહ્યા છે. આ સંજોગોમાં પોલીસ દ્વારા તેમના કેસની એક અલગથી ફરિયાદ નોંધવામાં આવે.

વધુમાં, ખ્યાતિ હોસ્પિટલકાંડના જે કોઈ પીડિતો છે તેઓને યોગ્ય અને પૂરતું વળતર ચૂકવવામાં આવે. ખ્યાતિ હોસ્પિટલના કૌભાંડને લઈ થયેલી પોલીસ ફરિયાદમાં પણ સ્પષ્ટ થયું છે કે, ખ્યાતિ હોસ્પિટલના આરોપી ચેરમેનથી લઈ ડોકટરો સુધીના તમામ સંબંધિત આરોપીઓ સરકારી યોજનાનો આર્થિક લાભ મેળવવાના ઈરાદે દર્દીઓને તેમના આરોગ્યની સાચી હકીકત જણાવ્યા વિના, ઉલ્ટાનું તેઓને ડરાવી-ધમકાવી ફરજિયાતપણે એન્જીઓગ્રાફી, એન્જીઓપ્લાસ્ટી સહિત ઓપરેશનો કરાવવા મજબૂર કરતાં હતા. આમ, દર્દીઓના જીવન સાથે ખુલ્લેઆમ રમત રમી આરોપીઓ દ્વારા મોટાપાયે લાખો-કરોડો રૂપિયાની તગડી કમાણી કરવામાં આવતી હતી.

રાજય સરકાર દ્વારા ખ્યાતિ હોસ્પિટલકાંડમાં સાત ડોકટરોની બનાવેલી કમીટીએ પણ હોસ્પિટલના ડોકટરો અને સત્તાવાળાઓની ગુનાહિત બેદરકારી સ્પષ્ટ થઈ છે ત્યારે હાઈકોર્ટે હવે પીડિતોની શારીરિક અને માનસિક તકલીફો અને વ્યથા સમજીને તેઓને યોગ્ય વળતર અપાવવું જોઈએ અને તેમના કેસ પૂરતી પોલીસ દ્વારા અલગથી એફઆઈઆર નોંધી તપાસ કરવામાં આવે અને જે કોઈ કસૂરવારો હોય તેઓની વિરૂધ્ધ કાયદાકીય રાહે સખત નશ્યત કરવામાં આવે.

## ૨૦૧૪માં એસીબીની ટ્રેપમાં સૌથી વધુ ૧૫૧ 'વહીવટદારો' ઝડપાયા

# હવે લાંચમાં પણ 'આઉટસોર્સિંગ': સામાન્ય નાગરિક 'વચેટીયા' બને છે

**પોલીસમાં ઉચ્ચ અધિકારીઓ જુનીયર સ્ટાફને વહીવટદાર બનાવી ખુદનો રેકોર્ડ કલીન રાખે છે**

**ટ્રાફિકમાં લાંચ લેવડ દેવડમાં પાનની દુકાન ફેવરીટ, હાઈવે પર ધાબા-હોટેલવાળા કલેકશન એજન્ટ બને છે**

સરકારી કચેરીઓમાં 'આઉટસોર્સિંગ' સામાન્ય બની ગયુ છે અને રસપ્રદ બાબત એ છે કે ગુજરાતમાં હવે સરકારી બાબુઓ જેઓ ગેરકાનુની કામકાજ કે કાનૂની કામગીરી પણ ઝડપથી થાય તે માટે લાંચ મેળવે છે તેઓ પણ હવે લાંચની રકમની વાટાઘાટોથી લઈને લાંચની રકમની લેવડદેવડ પણ 'આઉટસોર્સ' કરી દીધી છે અને રાજયના સિમાડા પણ નડતા નથી.

મુંબઈમાં બેસેલા એક પોલીસ અધિકારીએ છેક રાજકોટમાં તેના એજન્ટ મારફત લાંચ મેળવી હતી તે સમાચાર થોડા માસ પુર્વે જ પ્રસિદ્ધ થયા હતા. હાલમાં જ ઉપરી અધિકારીઓના વચેટીયા કે 'એજન્ટ' તરીકે કામ કરતા પોલીસ કર્મચારીઓની જીલ્લા બહાર બદલી કરવામાં આવી હતી તો પણ હવે તે ફકત ડિપાર્ટમેન્ટ પુરતુ જ મર્યાદીત રહ્યુ નથી.

સામાન્ય નાગરિકો પણ હવે પોલીસ કે અન્ય સરકારી વિભાગોમાં લાંચની લેવડદેવડમાં વચેટીયા કે એજન્ટ તરીકે કામ કરવા લાગ્યા છે. ૨૦૨૪ના વર્ષમાં ગુજરાતમાં એન્ટી કરપ્શન બ્યુરોની કામગીરી નોંધપાત્ર રહી તેમ કહી



શકાય અને તેમની રંગે હાથ ઝડપવાની કે રેડ અથવા ટ્રેપમાં જે રીતે લાંચની લેવડ-દેવડ ઝડપી તેમાં ૪૩% કેસમાં સરકારી અધિકારી કે પોલીસ વતી લાંચ લેવામાં સામાન્ય નાગરિક વચેટીયા બન્યા હતા તે બહાર આવ્યુ છે.

૨૦૨૪માં લાંચ લેવા બદલ ૩૪૮ લોકોની ધરપકડ કરવામાં આવી હતી તેવા ૧૫૧ તો સામાન્ય નાગરિક હતા એટલે કે તેઓ 'એજન્ટ' કે વચેટીયાની ભૂમિકા ભજવતા ટ્રાફિક પોલીસના જવાનો પણ હવે આ રીતે કલેકશન એજન્ટ રાખવા લાગ્યા છે. ચોક આસપાસની પાનની દુકાન એ સૌથી ફેવરીટ સ્થળ છે અથવા તો ટ્રાફિક જાળવણી માટે જે બ્રિગેડ ઉભી થઈ છે તેના બ્લુ કલોથ કર્મચારી પણ ઉપરી કર્મચારી વતી નાણા ઉઘરાવે છે.

વાસ્તવમાં પોતે નાણા લેતા રંગે હાથ ઝડપાઈ જાય નહી તેની સાવચેતી લાંચીયા અધિકારી લેતા હોય છે. પૈસા સીધા ટેબલના ખાનામાં નાખી દેવા કે પછી થર્ડ પાર્ટીને સુપ્રત કરવા જણાવશું. કયારેક તો આંગડીયા મારફત પણ નાણાની લેવડદેવડ થાય છે. ૨૦૧૮માં આ રીતે લાંચીયાઓના કલેકશન એજન્ટ તરીકે કામ કરતા અને છટકામાં ઝડપાયેલા લોકોની સંખ્યા કુલ ધરપકડના ૩૫% હતી.

જે ૨૦૨૪માં વધીને ૪૩% થઈ છે. લાંચ રીશ્વત વિરોધી પોલીસ હવે હાઈવે પર રનીંગ ટ્રેપ ગોઠવે છે જેમાં ટ્રક ચાલક કે અન્ય રીતે પસાર થતા વાહન ચાલકો પાસેથી હપ્તા મેળવે છે તેમાં પણ આ રીતે નજીકના ધાબા કે હોટેલમાં તેના કલેકશન એજન્ટો બેઠા હોય છે. ૨૦૨૪માં એસીબીએ ૨૩૦ કેસોમાં ૧૮૬ રંગે હાથ લાંચ લેવડદેવડ ૨૩ રનીંગ ટ્રેપ અથવા ડીકોલ ઓપરેશન અને ૧૨ આવકના જાણીતા સ્ત્રોત કરતા વધુ મિલ્કતો અને ૧૫ સતાના દુરઉપયોગના કેસ નોંધાયા હતા.

જેમાં ૧૭ કલાસવન અધિકારી, ૩૯ કલાસ ટુ અને ૧૩૫ કલાસ થ્રી તથા છ કલાસ ફોર અથવા હંગામી કર્મચારીઓનો સમાવેશ થાય છે. જેમાં ૧૧૪ કેસોમાં કોઈ નાગરિક-વચેટીયા તરીકે કામ કરતો હોવાનું બહાર આવ્યુ હતું.

ખાસ કરીને પોલીસમાં આ રીતે વચેટીયા રાખવાનું પ્રમાણ વધુ છે તો કેટલાક ઉચ્ચ પોલીસ અધિકારી ખોટા કેસમાં તેઓ સીધા સંડોવાતા નથી પણ પોલીસ કર્મચારી તેના એજન્ટની ભૂમિકા ભજવે છે અને તે રીતે પોતાનો રેકોર્ડ કલીન રાખે છે. આ વચેટીયા જે અધિકારીનો વિશ્ર્વાસ ધરાવતા હોય છે તેઓ કમીશન મેળવે છે અથવા તેનું કોઈ કામ થાય છે. અનેક બુટલેગરો પણ પોલીસ વતી આ રીતે વચેટીયા બને છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

**વૃષભ (બ,વ,ઉ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીથુન (ક,છ,ઘ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :**
જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

**મકર (ખ,જ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.


**કુંભ (ગ,શ,સ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.



## ફિલ્મી ગપશપ

### અરમાન મલિકે જીવનમાં સૂર પૂર્યાઃગર્લફ્રેન્ડ સાથે લીધા સાત ફેરા, તસવીરો શેર કરતા સિંગરે લખ્યું- તૂ હીં મેરા ઘર



ફેમસ સિંગર અરમાન મલિકે આજે તેની ગર્લફ્રેન્ડ આશના શ્રોફ સાથે લગ્ન કર્યા. લગ્ન બાદ અરમાન મલિકે ઈન્સ્ટાગ્રામ પર સુંદર તસવીરો શેર કરી છે, જે ખૂબ જ વાઈરલ થઈ રહી છે. ચાહકો નવા પરિણીત કપલ પર પ્રેમ વરસાવી રહ્યા છે અને તેમને નવી શરૂઆત માટે શુભેચ્છા પાઠવી રહ્યા છે.

'તૂં હીં મેરા ઘર'

અરમાન મલિક અને આશના શ્રોફે પોતપોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લગ્નની તસવીરો શેર કરી છે. સિંગરે તસવીરો શેર કરતી વખતે લખ્યું કે, 'તૂં હીં મેરા ઘર'. તેમના લગ્નની ખૂબ જ ખાસ પળોને આ તસવીરોમાં સુંદર રીતે કેદ કરવામાં આવી છે. એક તસવીરમાં અરમાન અને આશના એકબીજાનો હાથ પકડીને બેઠા છે, તો બીજી તસવીરમાં એકબીજાને જોઈને હસી રહ્યાં છે. લગ્નની વિધિની તસવીરો પણ શેર કરી હતી.

વરમાળા વખતની પણ એક તસવીર શેર કરી હતી, જેમાં અરમાન તેની દુલ્હન આશના સાથે મસ્તી કરતો જોવા મળે છે. અરમાન અને આશનાએ પીચ રંગના કપડા પહેર્યા હતા અને બંને ખૂબ જ સુંદર લાગી રહ્યા હતા.

અરમાન મલિકે ઓગસ્ટ ૨૦૨૩માં આશનાને પ્રપોઝ કર્યું હતું. બાદમાં તેણે આશના માટે એક સ્પેશિયલ મ્યુઝિક વિડિયો રિલીઝ કર્યો હતો 'કસમ સે', જેને લોકોએ ખૂબ જ પંસદ કર્યો હતો. મ્યુઝિક વિડિયો રિલીઝ થયાનાં બે મહિના પછી જ અરમાન અને આશના સાથે સગાઈ કરી હતી. આ કપલ ૨૦૧૭થી એકબીજાને ડેટ કરી રહ્યું હતું.

### અનએથિકલ પ્રેક્ટીસ સામે સહાનુભૂતિ ન રખાય

# કેન્સર સર્જન ડો. દિપેન પટેલ સામે દર્દીના સ્ત્રોતના કેસમાં ફોજદારી કાર્યવાહી રદ કરવા હાઈકોર્ટનો ઈન્કાર

અમદાવાદ,તા ૨

રાજકોટના કેન્સર સર્જન ડો. દિપેન દિપકકુમાર પટેલ દ્વારા પોતાની સામે કથિત રીતે ગુનાહિત બેદરકારીથી દર્દીના મોતનો આક્ષેપ કરીને એક મહિલા દ્વારા શરૂ કરવામાં આવેલી ફોજદારી કાર્યવાહી રદ કરવાની માગણી કરતી પિટિશન ગુજરાત હાઈકોર્ટે ફગાવી દેવાનું વલણ દાખવતા પરત ખેંચી હતી. અદાલતે મૌખિક રીતે ટકોર કરી હતી કે, આવા ગંભીર કેસમાં તપાસ થવી જરૂરી છે.

વ્યવસાયિકો પ્રત્યે કોર્ટને સહાનુભૂતી હોઈ શકે પરંતુ જે લોકો અનએથિકલ પ્રેક્ટીસ કરતા હોય તેના માટે નહી. અંતે ડો. પટેલના વકીલ દ્વારા અરજી પરત ખેંચવાની મંજૂરી માગતા અદાલતે મંજૂરી આપી હતી અને આદેશમાં સ્પષ્ટ કર્યું હતું કે અરજદારના વકીલે યોગ્ય અદાલતમાં યોગ્ય અરજી કરવા માટે પિટિશન પરત ખેંચવા માગે છે તેની મંજૂરી આપવામાં આવે છે. કોર્ટ દ્વારા આ કેસના ગુણદોષ બાબતે કોઈ મત વ્યક્ત કરવામાં આવ્યો નથી.

કેસની વિગતો મુજબ એક મહિલા દ્વારા તેના પતિના અકાળે મોત બદલ ડોક્ટર દ્વારા કરાયેલા ઓપરેશન દરમિયાન ગુનાહિત બેદરકારી દાખવવામાં આવી હોવાનો આક્ષેપ કરતી ફરિયાદ રાજકોટની જિલ્લા કોર્ટમાં કરી હતી. ત્યારબાદ ડોક્ટર સામે આઈપીસીની કલમ ૩૦૪એ સહિતની કલમો હેઠળ કાર્યવાહી પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી હતી.



આવા આદેશ રદ કરવા માટે તબીબ દ્વારા હાઈકોર્ટમાં પિટિશ કરાઇ હતી. ફરિયાદી મહિલાએ એવી આક્ષેપભરી રજૂઆત કરી હતી કે, તેમના પતિને મોંઢાનું કેન્સર થયું હતું તેથી ભાવનગરના તબીબો દ્વારા રેફરન્સ આપ્યા મુજબ ડો. દિપેન પટેલનો કોન્ટેક્ટ કર્યો હતો. ત્યારબાદ તેમની સર્જરી કરવાની ભલામણ કરાઇ હતી. પરંતુ નારાયણ હોસ્પિટલમાં સર્જરી કરતી વખતે થાપામાંથી ચામડી લેવા બદલે ડાબી બાજુના ફેફસા ઉપરથી ચામડી લીધી હતી.

આ બાબતે ડોક્ટરે જાણકારી આપતા તેણીએ પુછપરછ કરી હતી કે તેના કારણે કોઈ તકલીફ તો થશે નહી ને? ત્યારે ડોક્ટરે હૈયાધારણ આપી હતી કે, કોઈ તકલીફ થશે નહી. અગાઉ ઓપરેશન કરવામાં પણ લાંબો સમય જતા મહિલાને શંકા ગઈ હતી.

ઓપરેશન કર્યાના બે મહિના બાદ તેમના પતિને ઈન્ફેક્શન થતા પ્લાસ્ટીક સર્જનને બતાવવાનું કહેવામાં આવ્યું હતું. અંતે તેઓ ગુજરી ગયા હતા. આથી મહિલાએ આક્ષેપ લગાવ્યો હતો કે, તબીબે થાપાના ભાગના બદલે ડાબા ફેફસાનું ઉપરની ચામડી લઈને ભૂલ કરી હોવાથી પતિનું મોત નીપજયું હોવાથી ફોજદારી કાર્યવાહી કરવી જોઈએ.


આ ફરિયાદના આધારે શરૂ થયેલી ફોજદારી કાર્યવાહીને રદ કરવાની માગણી સાથે રજૂઆત કરાઈ હતી કે, સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ તબીબોને ખોટી રીતે કાયદાકીય બાબતે પરેશાન ના કરવામાં આવે તે માટે તેમની સામે જ્યારે કોઈ ફરિયાદ કે ગ્રાહક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે ત્યારે એક્સપર્ટ મેડિકલ બોર્ડનો ઓપિનીયન જરૂરી છે.આથી આ કેસમાં પણ આવો આદેશ થવો જોઈએ. વળી ઓપરેશન પહેલા જ તેની ગંભીરતા બાબતે ગુજરનાર અને તેની ફરિયાદી પત્નીને વાકેફ કરવામાં આવ્યા હતા. આથી આ કાયદાકીય પ્રક્રીયાનો દુરુપુયોગ કરવામાં આવ્યો હોવાથી તે રદ્દ કરવી જોઈએ.

જો કે હાઈકોર્ટે મૌખિક ટકોર કરી હતી કે, આ કેસમાં પોલીસે મેડિકલ બોર્ડને રીફર કર્યો છે. વળી આવા કેસમાં તપાસ થવી જૂરૂરી છે. હાઈકોર્ટનો આવો આકરો મત પારખીને વકીલે યોગ્ય જગ્યાએ અરજી કરવા માટે અરજી પરત ખેંચી લીધી હતી.

## અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ દ્વારા ધો.૧૦-૧૨ બોર્ડના વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨

આગામી સમયમાં યોજાનારી બોર્ડની પરીક્ષાને ધ્યાનમાં લઈને ધો.૧૦-૧૨ વિદ્યાર્થીઓ માટે તૈયારી રૂપે પરીક્ષાના ડરને દૂર કરવા-માનસિક તણાવને હળવો કરવા તેમજ જ્વલંત સફળતા મેળવવા માટે અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ દ્વારા તા.૫.૧.૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૯ થી બપોરના ૧ વાગ્યા સુધી એચ.કે.હોલ,આશ્રમ રોડ,અમદાવાદ ખાતે નિઃશુલ્ક માર્ગદર્શન કેમ્પ અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.આ વર્કશોપ અને સચોટ માર્ગદર્શન




કેમ્પમાં વિદ્યાર્થીઓ બોર્ડની ટેંશન વગર પરીક્ષા આપીને પોતાની કારકિર્દીને ઉજ્જ્વળ બનાવે અને પરીક્ષાને પરીક્ષા નહિ પણ ઉત્સવની રીતે ઉજવણી કરી સફળતા મેળવે એ મુખ્ય હેતુ છે. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને જાણીતા મોટિવેશનલ ટ્રેનર અને મેમરી કોચ શ્રી સુહાગ પંચાલ અને શિક્ષણ જગતનાં જાણીતાં તજજ્ઞ શ્રી વિજયભાઈ મારુ માર્ગદર્શન આપશે.આ વર્કશોપમાં ઉપસ્થિત રહેનાર દરેક વિદ્યાર્થીને પરીક્ષા માટે વિશેષ પેડ આપવામાં આવશે.એઈજી સંસ્થાનાં ચેરમેન શ્રી વિજય મારુ, પ્રમુખ શ્રી સતીશ શાહ અને મંત્રી શ્રી સંજય પરમારે ધો.૧૦ અને ૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દીને ઉજ્જ્વળ બનાવવા આ વર્કશોપમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવવા વિનંતી કરી છે.

### ભારતમાં ૨૦૨૪ નું વર્ષ ૧૨૩ વર્ષના ઈતિહાસનું સૌથી 'ગરમ'રહ્યું

# દેશમાં જાન્યુઆરીથી માર્ચ 'ગરમ' હશો : ગુજરાતમાં ચાલુ મહિને 'ઠંડી' રહેશે

**ગુજરાતના કેટલાંક ભાગોમાં જાન્યુઆરીનું તાપમાન નોર્મલ કરતા નીચુ રહેશે પરંતુ દેશના અન્ય ભાગોમાં 'ઉંચુ' રહેવાની હવામાન વિભાગની આગાહી**




નવી દિલ્હી,તા.૨

ભારત માટે કેલેન્ડર વર્ષ ૨૦૨૪ અત્યાર સુધીનું સૌથી ગરમ જાહેર કરવામાં આવ્યું છે. સાથોસાથ જાન્યુઆરીથી માર્ચ સુધીનાં ત્રણ મહિના પણ નોર્મલ કરતાં ગરમ બની રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. જોકે, ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી ચાલુ જાન્યુઆરી મહિનામાં તાપમાન નોર્મલ કે તેનાથી નીચે રહેવાની સંભાવના છે.અર્થાત ઠંડીનો માહોલ રહેશે.

ભારતીય હવામાન વિભાગે સતાવાર રીપોર્ટમાં કહ્યું કે, ઓકટોબરથી ડીસેમ્બર ૨૦૨૪ સૌથી ગરમ હતા અને તેમાંથી ઓકટોબર મહિનો ૧૨૩ વર્ષના ઈતિહાસનો સૌથી ગરમ હતો. ૨૦૨૪ માં સરેરાશ ૨૫.૭૫ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું તે રેકોર્ડ પણ તૂટયો છે. ૦.૧૧ ડીગ્રીનો આ તફાવત હવામાનની દ્રષ્ટ્રિએ ઘણો મોટો છે.

વૈશ્વિક સ્તરે તાપમાન વધી જ રહ્યું હોવાનો રીપોર્ટ વિશ્વ હવામાન સંગઠને પણ જારી કર્યો હોવાનું ઉલ્લેખનીય છે. જાન્યુઆરી મહિનાનો વર્તારો જાહેર કરતાં હવામાન વિભાગનાં રીપોર્ટમાં એમ કહેવાયું છે કે દેશનાં મોટાભાગનાં રાજયોમાં લઘુતમ તાપમાન મોટાભાગે નોર્મલથી ઉંચુ જ રહેશે.

ઉતરપ્રદેશ, બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ-ગુજરાત જેવા પૂર્વોતર રાજયોમાં ન્યુનતમ તાપમાન નોર્મલ કે તેનાથી નીચુ રહેશે. અર્થાત ઠંડીનો અનુભવ થશે. હવામાન વિભાગનાં વડા મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે જાન્યુઆરીમાં મધ્ય ભારતનાં પશ્ચિમી તથા ઉતરીય ભાગોમાં કોલ્ડવેવનાં દિવસોની સંખ્યા સામાન્ય કરતા વધુ રહેશે.

દસ દિવસ બાદ પ્રયાગરાજમાં મહાકુંભ શરૂ થઈ રહ્યો છે.તે સમયગાળામાં પણ તાપમાન નોર્મલથી નીચુ રહેવાની સંભાવના છે. વરસાદને લાગેવળગે છે ત્યાં સુધી જાન્યુઆરીનો વરસાદ સામાન્ય કરતા વધુ રહી શકે છે અને તેને કારણે શિયાળુ પાકને લાભ થશે. પૂર્વીય ઉતર પ્રદેશ, પશ્ચિમી ઉતર પ્રદેશ, ઉતરાખંડ, હરિયાણા, પંજાબ, હિમાચલપ્રદેશ, જમ્મુ-કાશ્મીર તથા લદાખ જેવા સાત હવામાન સબ ડિવીઝનોમાં એકસમાન અને નોર્મલ કરતા વધુ રહેશે.

સમગ્ર દેશમાં સરેરાશ કરતા વધુ રહેશે. જોકે ઉતર પશ્ચિમ ભારતના અમુક ભાગો તથા ઉતરપૂર્વ અને મધ્ય ભારતનાં અમુક ભાગોમાં જાન્યુઆરીમાં વરસાદનું પ્રમાણ નોર્મલથી ઓછુ રહી શકે છે.


# સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વસ્વ હતું. પૌંવાની કિંમત ન હતી સુદામાના પ્રેમની કિંમત હતી

આપણે ભગવદ્ ગીતા જ્ઞાનનું રસ પાન કરી રહયા છીએ.ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ગીતાજીમાં ભગવાન કહે છે કે,દુઃખમાં જેને ઉદ્વેગ નથી અને સુખ માં જેને સ્પૃહા નથી એ સ્થિતપ્રજ્ઞ શ્રીકૃષ્ણ જેવું બોલે છે તેવું જીવનમાં આચરી પણ બતાવે છે. રામચંદ્રજીને રાજ્યાભિષેક વખતે અને વનવાસ વખતે એકસરખો જ આનંદ છે.શ્રીકૃષ્ણને સોળ હજાર રાણીઓ અને સોનાની દ્વારિકા, ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ.

શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે, ઉદ્ધવ આ બધું ખોટું છે.હું જ એકસાચો છું.જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય.તેથી વ્યાસજી કહે છે કે,સત્યનું અમે ધ્યાન કરીએ છીએ તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો. જગત અસત્ય છે.જગતના પદાર્થો દુઃખરૂપ છે. વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે,પણ તત્ત્વ દષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે,અસત્ય છે,માયા છે,માત્રભાસ છે,તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે,તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે.ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી એ પોતે આનંદરૂપ છે.રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો. મિલનમાં સુખ થાય છે, પણ વિયોગમાં અતિશય દુઃખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો.અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે,પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે.તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવીને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે.



યશપાલસિંહ ટી. વાઘેલા
દરબાર ગઢ થરા



આ દશ્ય જગત અસત્ય છે, ભ્રમ રૂપ છે, ખોટું છે.તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવાથી તે સત્ય જેવું ભાસે છે.

રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની પ્રતિષ્ઠા ને કારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય, તો પણ તેની ગરીબી ને કારણે લોકો એમ માનશે કે, તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતીની કંઠી પરમાત્મા એ પોતાના ડોકમાં રાખી છે. માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્ય વિષય કયો?અને ભાગવત નો અધિકારી કોણ?

જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મએ ભાગવતનો મુખ્ય વિષય છે. મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તો એ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી. નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી.નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું. વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા.મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓને મળ્યું. કારણ? તેમાં નિષ્કામ કર્મ છે.

અતિપાપીના મુખમાંથી ભગવાન નું નામ જલ્દી નીકળતું નથી. ભગવાન અંદર આવે તો પાપને બહાર નીકળવું પડે, એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી. સેવાનું ફળ એવા છે,મેવા નહીં. માટે મુક્તિ પણ આશા કરવી નહીં આમ ભગવાનનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ.ભોગ ભોગવવાની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી. ભોગ માટે ભક્તિ કરે તેને ભગવાન વહાલા નથી,સંસાર વહાલો છે.ભોગ માટે ભક્તિ નહીં ભગવાનને માટે ભક્તિ કરો. ભક્તિનું ફળ ભોગ નથી,ભગવાન છે.ઠાકોરજી મારું કામ કરે એવો વિચાર કરે તેને વૈષ્ણવ કેમ કહેવાય?

ભગવાન પાસે કોઈ પુત્ર માગે છે. કોઈ ધન માગે છે.ભગવાન કહે છે પોતાનું કામ મારા મારફત. વાહ! આ તો એમનું કામ મારી પાસે કરાવવા માગે છે.સાચો વૈષ્ણવ તો કહેશે, મારી આંખ, મારી બુદ્ધિ, મારું મન, મારું બધું હું આપને સમર્પણ કરવા આવ્યો છું. વૈષ્ણવો પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી. મને દર્શન આપો એમ પણ કહેતા નથી. માગવાથી પ્રેમનો ભંગ થાય છે. પ્રેમ ઓછો થાય છે. માટે ભગવાન પાસે કંઈ માગશો નહીં. શ્રીરામચંદ્રજીનો રાજ્યાભિષેક થયા પછી તેઓ દરેક વાનરને ભેટ-સોગાદ આપી નવાજેશ કરે છે,પરંતુ હનુમાનજી ને તેઓ કાંઈ આપતા નથી.આ જોઈ સીતાજી કહે,આ હનુમાન જીને પણ કાંઈ આપોને. રામજી કહે, હનુમાનજીને હું શું આપું? હનુમાનજીના ઉપકારનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. શુદ્ધ પ્રેમમાં લેવાની નહીં, આપવાની ભાવના થાય છે. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ભોગ આપે છે. પ્રેમમાં માગણી ન હોય. પ્રેમમાં માગણી આવી એટલે સાચો પ્રેમ ગયો સમજવો. ભક્તિમાં માગો તે માગેલી વસ્તુ મળશે ખરી, પણ ભગવાન જશે, આપવાવાળો જશે.ભગવાન ગીતામાં કહે છે કે, દેવના ભક્તો દેવની પૂજા કરે છે. તેઓ પણ તેનું ફળ પામે છે ને મારા ભક્તો મને પામે છે.ભગવાન પાસે જેટલું માગશો તેટલું તે આપશે પણ પ્રભુ પાસે માગશો, તો પ્રેમ ઓછો થશે વ્યવહારમાં પણ એક મિત્ર બીજા પાસે ન માગે ત્યાં સુધી બે વચ્ચે પ્રેમ રહે છે.ગોપીઓ આંખ શ્રી કૃષ્ણને આપે છે,મન શ્રીકૃષ્ણને આપે છ. કહે છે મારે કાંઈ માગવું નથી.મારું સર્વસ્વ મારે શ્રીકૃષ્ણને આપવું છે. એમ માનો પ્રભુએ મને ઘણું આપ્યું છે.ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો માનવું કે મારા ઠાકોરજી પરિપૂર્ણ છે,પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે.

નિષ્કામ ભક્તિ ઉત્તમ છે. વૈષ્ણવો મુક્તિની પણ અપેક્ષા કરતા નથી. હરિના જન તો મુક્તિ ન માગે, જનમોજનમ અવતાર રે. મુક્તિ કરતા ભક્તિમાં અલૌકિક આનંદ છે. ભક્તિમાં જેને આનંદ મળે છે તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગેછે વૈષ્ણવો માને છે,મુક્તિએ તો મારા ભગવાનની દાસી છે,મારે દાસીનું કામ નથી, ભગવાનનું કામ છે. દાસી કરતાં મારા ભગવાન વધારે છે.રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયેલું. શિષ્યા કહે છે કે, માતાજીને કહો.તારો રોગ સારો કરે. રામકૃષ્ણે કહ્યું, મારી માતાને હું મારા માટે તકલીફ નહીં આપું. ભક્તિનો અર્થ એવો નથી કે પોતાના સુખ માટે ઠાકોરજીને પરિશ્રમ આપવો.

માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી. સાચી મૈત્રી સમજનાર કદી માગતો નથી.

સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ. સુદામાની સ્થિતિ ગરીબ હતી.તેમની પત્નીએ તેમને શ્રી કૃષ્ણને ત્યાં માગવા મોકલ્યા. સુદામા ભગવાને મળવા આવ્યા છે.સુદામા માગવા આવ્યા નથી. દ્વારરિકાનાથનો તેમણે વૈભવ જોયો,પણ સુદામાએ જીભ કચડી નથી.સુદામાને લાગ્યું કે, મારા દુઃખની કથા સંભળાવીશ, તો મારા પ્રભુને દુઃખ થશે. મારાં દુઃખ એ મારાં કર્મનું ફળ છે.

મારાં દુઃખ માટે પ્રભુને શા સારું દુઃખ કરું?એટલે સુદામાએ ભગવાન પાસે કાંઈ માગ્યું નથી.

સુદામાને બસ એક જ ઈચ્છા છે. મારા પૌંવા ભગવાન આરોગે. સુદામા લેવા આવ્યા નથી,તે

પોતાનું સર્વસ્વ આપવા આવ્યા છે. ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે અને જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે.જીવ નિષ્કામ બને છે ત્યારે ભગવાન તેની પૂજા કરે છે. ભક્તિ નિષ્કામ હોય તો ભગવાન પોતાના સ્વરૂપનું ભક્તને દાન કરે છે. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે,ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલે છે. દસ દિવસના ભૂખ્યા હતા,તો પણ સુદામાએ પોતાનું સર્વસ્વભગવાન ને આપી દીધું.સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વસ્વ હતું.પૌંવાની કિંમત ન હતી સુદામાના પ્રેમની કિંમત હતી.ગોપીઓએ કાંઈ માગ્યું નથી. ગોપીઓની ભક્તિ નિષ્કામ હતી, એટલે ભગવાન ગોપીઓના ઋણ માં રહ્યા છે. ગોપી ગીતમાં પણ ગોપીઓ ભગવાનને કહે છે કે, અમે તમારી વગર વેતનની દાસીઓ છીએ. અમે માત્ર તમારી નિષ્કામ સેવા કરી જાણીએ.

કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ તેમજ ગોપીઓ મળે છે, ત્યારે પણ ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે કાંઈ માગતી નથી, ફક્ત એટલું જ કહે છે કે,સંસાર ના કૂવામાં પડેલા તમારા ચરણનો આશરો લે તો તરી જાય છે તેમ અમે ઘરમાં રહીએ તોયે અમારા મનમાં તમારા ચરણનું સ્મરણ રહો.એક ગોપી ઉદ્ધવજી ને કહે છે,ઉદ્ધવ તું કોનો સંદેશો લઈને આવ્યો છે?શ્રીકૃષ્ણનો ?તે તો અહીં જ છે! શ્રીકૃષ્ણ મથુરા ગયા જ નથી. મારા ઠાકોર જી હંમેશાં મારી સાથે છે.ચોવીસ કલાક અમારો અને તેનો નિત્ય સંયોગ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ગુજરાતમાં નવ મહાનગર પાલિકાનું સર્જન અને એક જિલ્લા બનાસકાંઠાના વિભાજન અંગે સર્વત્ર ચર્ચા થઈ રહી છે તો ઓગડ જિલ્લો નહીં બનતાં અને કાંકરેજ ધાનેરા તાલુકો વાવ થરાદ નવા જિલ્લામાં સમાવતા ઉગ્ર વિરોધ વંટોળ ઊભો થયો છે ત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી ખુશ રહીએ તેવી આશા સહ અસ્તુ.

## હિંમતનગરની મોબાઇલ શોપમાં સીઆઇડી ક્રાઇમની ટીમ પહોંચી, તપાસનો ધમધમાટ શરૂ કર્યો

# BZ કૌભાંડને લઇ ૩૦થી વધુ મોબાઇલની IMEI વિગતો મેળવી તપાસ કરી; બ્રાન્ડેડ-ટોપ મોડલની ૨૦ લાખથી વધુની ખરીદી અંગે માહિતી મેળવી

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૨

BZ કૌભાંડ મામલે છેલ્લા કેટલાક દિવસોથી ઝૈંદ્બની ટીમોએ તપાસને તેજ ગતિએ આગળ વધારી છે. ત્યારે ગઈકાલે સાંજના સુમારે CIDની એક ટીમે હિંમતનગરના ખેડ તસીયા રોડ પર આવેલા એક મોબાઈલ શોપમાં પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. અગાઉ ભુપેન્દ્રસિંહ ઝાલા તથા અન્ય મળતિયાઓને ભેટ સ્વરૂપે અપાયેલા ૩૦થી વધુ મોબાઈલની વિગતો મેળવી હતી.

જેમાં તપાસ દરમિયાન IMEI નંબરને આધારે ખરીદાયેલા મોબાઈલના બીલની વિગતો પણ અધુરી હોવાનું જણાયું હતું. જેથી CIDના અધિકારીઓની આ કૌભાંડમાં ભુપેન્દ્રસિંહ ઝાલાની પૂછપરછ દરમિયાન મળેલી વિગતો





પરથી કેટલીક શંકાઓ દ્રઢ બની છે. એટલું જ નહીં પણ અગાઉ ભુપેન્દ્રસિંહ ઝાલાએ કેટલાક મોબાઈલ હિંમતનગરથી તથા મોડાસાની એક મોબાઈલ શોપમાંથી ખરીદ્યા હોવાની વિગતો મેળવીને અધિકારીઓ ગાંધીનગર પરત જતા રહ્યા હતા.

સુત્રોમાંથી મળેલી માહિતી મુજબ, ભુપેન્દ્રસિંહ ઝાલાએ પોન્ઝી સ્કીમોમાં રોકાણ કરાવવા માટે કેટલાક એજન્ટો અને ખાસ વિશ્વાસુ મળતિયાઓને લાલચરૂપે મોંઘાદાટ મોબાઈલ અપાવવાનો ખાનગીમાં નિર્ણય લીધો હતો. જેના ભાગરૂપે ભુપેન્દ્રસિંહ ઝાલાએ હિંમતનગરના ખેડ તસીયા રોડ પર આવેલી એક મોબાઈલ શોપમાંથી મોંઘા મોબાઈલ ખરીદીને કેટલાક લોકોને ભેટ આપ્યા હતા.આ મોબાઈલ સામાન્ય નહીં પણ મોંઘા હોવાને કારણે તેનો વપરાશ કરનારા કેટલાક એજન્ટો અને મળતિયાઓએ રોકાણકારોને યેનકેન પ્રકારે વધુ વ્યાજની લાલચ આપીને કરોડો રૂપિયા ભુપેન્દ્રસિંહ ઝાલાની પોન્ઝી સ્કીમોમાં રોકાણ કરાવી દીધું હતું. હિંમતનગરમાં બીજી પણ એક શોપ હતી, જ્યાંથી પણ મોટા પ્રમાણમાં મોબાઈલની ખરીદી થઈ હતી. આ ઉપરાંત મોડાસામાંથી પણ મોટા પ્રમાણમાં મોબાઈલની ખરીદી થઈ હતી.

હિંમતનગરની મોબાઈલ શોપમાંથી ૩૦થી વધુ મોબાઈલની ખરીદી થઈ હતી. જેમાં બ્રાન્ડેડ અને ટોપ મોડલના અંદાજે ૨૦ લાખથી વધુના મોબાઈલની ખરીદી કરી હોવાનું સામે આવ્યું હતું. CID ટીમે એક કલાક રોકાણ કરીને તમામ જરૂરી માહિતી મેળવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### કાંકરેજ તાલુકાનો થરાદ જિલ્લામાં સમાવેશ કરાતા મુખ્ય મથક શિહોરીમાંથી વિરોધ



(ગરવી તાકાત) કાંકરેજ તા.૨

તાજેતરમાં ગુજરાતમાં નવો જિલ્લો થરાદ બનતા કાંકરેજ તાલુકા ને થરાદ જિલ્લા માં સમાવેશ થયો હોવાના કારણે તાલુકા મથક શિહોરી માં જનતાનો વિરોધ ભભૂકી ઉઠ્યો હતો જેને લઈ ને ગ્રામ જનો વેપારી ઓ એ વિરોધ નોંધાવી દુકાનો બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો પ્રજાની એકજ માંગ છે કે અમને બનાસ કાંઠા માં જ રાખો કેમકે.બનાસકાંઠા થી અમારો કાયમી નાતો છે જે.તૂટી જાય અને કાંકરેજ ને કાયમી કાયમી બનાસકાંઠા માં રાખવા કાંકરેજ ની પ્રજા ની માંગ છે જેને લઈ કાંકરેજ મામલતદાર ને આવેદન.પત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો.થરાદ જિલ્લા માં કાંકરેજ નો સમાવેશ કરાતા આવતી કાલે શિહોરી ની બજાર બંધ રાખવા વેપારી એસોસિયેશન નો નિર્ણય.

### વિસનગર તાલુકાના વાલમ ક્લસ્ટરનું ગૌરવ



(ગરવી તાકાત) મહેસાણા તા.૨

આજ રોજ તા. ૧/૧/૨૦૨૫ ને બુધવાર ના રોજ વિસનગર તાલુકાનો કલા મહાકુંભ યોજાયો હતો. જેમાં વિસનગર તાલુકાના વાલમ ક્લસ્ટર ની

વાલમ પ્રાથમિક કન્યા શાળા ની બાળાઓ એ ૯ થી ૧૪ વર્ષ ની વય જૂથ માં ભાગ લઈ તાલુકા કક્ષા એ બીજો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે તમામ ને અભિનંદન.

## પાલનપુર આરટીઓ કચેરી ખાતે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરાયો

# ડ્રાઇવરોને ટ્રાફિક અંગે અવેરનેસ કરી પાલનપુર શહેરમાં રેલી યોજીને જાગૃતિ લાવવાનો પ્રયાસ

(ગરવી તાકાત) પાલનપુર તા.૨

બનાસકાંઠા આરટીઓ કચેરી પાલનપુર ખાતે આજે ગુરુવારે જિલ્લા માર્ગ સપ્તાહ સલામતી સત્તા મંડળ પાલનપુર તેમજ જિલ્લા ટ્રાફિક અને સીટી ટ્રાફિક પોલીસ દ્વારા વર્ષ ૨૦૨૫ ના "માર્ગ સડક સુરક્ષા - કાળજીની થીમ સાથે તા. ૧ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી રોડ સેફ્ટી મંથની ઉજવણી થનાર છે. જેના ભાગરૂપે આજરોજ આરટીઓ કચેરી પાલનપુર ખાતે શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં આરટીઓ જે.કે.પટેલ,રોડ સેફ્ટી નોડલ અધિકારી આરટીઓ વી.પી. પટેલ, જિલ્લા ટ્રાફિક પી.આઈ એ.વી.જાડેજા તેમજ આરટીઓ અને પોલીસ સ્ટાફ ૧૦૮ ઈમરજન્સી સેવા મેનેજર તેમજ ડિલર્સના માણસો હાજર રહ્યા



હતા.જેમાં શુભારંભ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ માર્ગ સલામતીના સંદર્ભે જાગૃતિ રેલી યોજાઈ હતી આ રેલી આરટીઓ કચેરી થી ધણિયાણા ચોકડી થઈ વિદ્યામંદિર સ્કૂલ, ગુરુ નાનક ચોક, એરોમાં થઈ પરત આરટીઓ કચેરી આવી હતી. જેમાં રોડ સેફ્ટી નોડલ અધિકારી વી.પી. પટેલ (rto)દ્વારા જાન્યુઆરી માસના દરરોજના અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ છે.

જેમાં હેલ્મેટ વિતરણ,રૂલ્સ બ્રેક કરનારને ગુલાબ આપવાના પ્રોગ્રામ તેમજ સ્કૂલ કોલેજો ગ્રામસભા, જીઆઈડીસી, ડ્રાઈવરોને ટ્રેનિંગ, ઈન્ફોરમેન્ટ ની ડ્રાઈવ નું આયોજન તેમજ અન્ય પ્રોગ્રામો એક માસ દરમિયાન કરવામાં આવશે.

# સાંસદ હરિભાઈ પટેલના વરદ હસ્તે પ્રાકૃતિક કૃષિ માટે ફાર્મર માસ્ટર ટ્રેનર દશરથભાઈ પટેલનું સન્માન કરાયું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

મહેસાણા લોકસભાના સાંસદ શ્રી હરિભાઈ પટેલના વરદ હસ્તે વિસનગર તાલુકાના બાસણા ગામે પ્રાકૃતિક કૃષિ ના ઋષિ ફાર્મર માસ્ટર ટ્રેનર દશરથભાઈ પટેલ નું જીવામૃત ઘનમૃત અને દસ પર્ણ અર્ક ના વિતરક તરીકે પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતુ.

આજરોજ બાસણા મર્ચન્ટ એજ્યુકેશન કેમ્પસ ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને 'આત્મા' મહેસાણા દ્વારા યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ સહ પ્રદર્શન ના કાર્યક્રમમાં ફાર્મર માસ્ટર ટ્રેનર શ્રી દશરથભાઈ પટેલ ૨૫ પશુપાલક અને ખેડૂત ની ટીમ સાથે આ કાર્યક્રમમાં આવ્યા હતા. જ્યાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ફાર્મર માસ્ટર ટ્રેનર દશરથભાઈ પટેલ છેલ્લા ૧૮વર્ષથી પ્રાકૃતિક ખેતી તરફ વળેલા



છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી થી પ્રેરાઈને દશરથભાઈએ પ્રાકૃતિક ખેતી કરવાનું આરંભ્યું છે તેમજ તેઓ છેલ્લા ૧૨ વર્ષથી દેશી ગાય આધારિત ખેતી કરે છે જેના પગલે જીવામૃત ,ઘન જીવામૃત નો ઉપયોગ પણ કરી રહ્યા છે. આના કારણે તેમની જમીનમાં પોષણ મળે છે અને જમીન ફળદ્રુપ બની રહે છે એમ દશરથભાઈ જણાવે છે..

### સંકલિત બાળ વિકાસ યોજના વિસનગર સેજો કંસારાકુઈની મિલેટ્સ વાનગીનુ પ્રદર્શન યોજાયુ



(ગરવી તાકાત) મહેસાણા તા.૨

આજરોજ વિસનગર તાલુકાના બાસણા ખાતે મર્ચન્ટ એજ્યુકેશન કેમ્પસ ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન માં સંકલિત બાળ વિકાસ યોજના વિસનગર ઘટકના કંસારાકુઈ સેજા દ્વારા મિલિયેટ્સ વાનગીનું પ્રદર્શન સ્ટોલ રાખવામાં આવ્યો હતો. મહેસાણા લોકસભાના સાંસદશ્રી હરિભાઈ પટેલે તેમજ ગુજરાત રાજ્ય કૃષિ ફેડરેશનના પ્રમુખશ્રી હિતેન્દ્રભાઈ પટેલ અને ×આત્મા× પ્રોજેક્ટના ડાયરેક્ટર શ્રી તેજલબેન શેઠે અન્ય સ્ટોલ સાથે આ સ્ટોલની પણ મુલાકાત લીધી હતી. જેમાં પશુપાલક અને ખેડૂત ભાઈઓ બહેનોએ રસ પૂર્વક માહિતી મેળવી હતી .કંસારાકુઈના આ સ્ટોલમાં ટેકહોમરાસન અને મિલેટ્સ માંથી બનાવેલ વિવિધ વાનગીઓના પ્રદર્શનને લોકોએ જોઈ હતી એમ કંસારાકુઈ ઘટક ના મુખ્ય સેવિકા ચૌધરી બીનાબેને જણાવ્યું હતું.

## દૂધસાગર ડેરીના ચેરમેન અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને

# મહેસાણા દૂધસાગર ડેરી ખાતે મિલ્ક-ડે અને મહિલા જાગૃતિનો કાર્યક્રમ યોજાયા







(ગરવી તાકાત) મહેસાણા તા.૨

મહેસાણા દૂધસાગર ડેરી હોલ ખાતે મહેસાણા અને વિસનગર બ્લોકના પશુપાલકોનો Milk Day અને મહિલા જાગૃતિ કાર્યક્રમ દૂધસાગર ડેરીના ચેરમેન અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં આત્મનિર્ભર પશુપાલક ના અધ્યેય લક્ષ્ય સાથે દૂધસાગર ડેરી દ્વારા થયેલ સુધારાઓ, લાભો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી.

આ પ્રસંગે રાજ્યસભા સાંસદ શ્રી મયંકભાઈ નાયક, લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલ, ડેરીના ડિરેક્ટર લક્ષ્મણભાઈ પટેલ , દિલીપભાઈ ચૌધરી, મહેસાણા APMC ચેરમેન જયંતીભાઈ પટેલ , વિસનગર APMC ચેરમેન શ્રી પ્રિતેશભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના ચેરમેન રાજુભાઈ પટેલ, વિસનગર તાલુકા સંઘના ચેરમેન મુકેશભાઈ ચૌધરી, ડેરી ના MD શ્રી ધીરજભાઈ ચૌધરી , પૂર્વ ડિરેક્ટર શ્રીઓ, દુરડા ના ડિરેક્ટર શ્રીઓ, સહકારી આગેવાનો અને ડેરી ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણા સખીવન સ્ટોપસેન્ટર ખાતે પંચમહાલના હાલોલ તાલુકાના છેવાડાના ગામની મહિલાને ઘર વાપસી કરાવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

ભારત સરકાર પુરસ્કૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા માનનીય કલેક્ટર સાહેબ શ્રી અને મહિલા બાળ અધિકારી શ્રીના અધ્યક્ષ સ્થાને ચાલતું સખી વન સ્ટોપ સેન્ટર મહેસાણા જિલ્લામાં ૨૪★ ૭ કાર્યરત છે .જયાં મહિલાઓની સાથે થતી હિંસા માં એકજ જગ્યાએથી તમામ સુવીધા મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે . મહેસાણા સખીવન સ્ટોપસેન્ટર ખાતે પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના છેવાડાના ગામની મહિલા ભુલથી મહેસાણા આવી ગયા હતા અને તેઓ માનસિક અસ્વસ્થ હતા જેથી તેઓ કંઈ વધું જણાવતા ન હતા જેઓને મહેસાણા પોલીસ દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય માં મુકવામાં આવ્યા હતા જેઓને તબીબી સારવાર કરાવી અને તેઓને કાઉન્સલિંગ કરવામાં આવ્યું સેન્ટરના કેન્દ્ર સંચાલકશ્રી પુષ્પાબેન




ચૌહાણે પંચમહાલના વહીવટી તંત્ર ની મદદથી ગામના સરપંચશ્રી તેમજ તલાટીશ્રી ના મદદથી બેનના પરિવારનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો હતો અને તે સફળતા મળી હતી અને બેનને પોતાના પરિવાર સાથે મેળાપ કરાવ્યો હતો બેન તેના દિકરાને જોઈને ખુશ થઈ ગયા હતા અને 'સખી ' વન સ્ટોપ સેન્ટર વરદાન રૂપ બન્યું છે

તેમના દિકરાએ વધુમાં જણાવ્યું હતું કે મારી માતા સુરક્ષિત જગ્યાએ હોવાથી તેમની ચીંતા ટળી હતી અને 'સખી'વનસ્ટોપ સેન્ટર મહેસાણા નો ખૂબ ખૂબ આભાર માન્યો હતો એમ કેન્દ્ર સંચાલકશ્રી પુષ્પાબેન ચૌહાણે જણાવ્યુ હતુ.

# હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીની સાથે તેની જ કોલેજમાં અભ્યાસ કરતા યુવકે લગ્નની લાલચ આપી ત્રણથી ચાર વખત દુષ્કર્મ આચર્યુ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

મહેસાણામા વધુ એક દુષ્કર્મ ની ઘટના સામે આવી છે.જેમાં લગ્નની લાલચ આપી કોલેજમાં અભ્યાસ કરતી અને હોસ્ટેલ મા રહેતી વિદ્યાર્થીની સાથે તેની જ કોલેજમાં અભ્યાસ કરતા યુવકે યુવતીને પોતાના ઘરે લઈ જઈ લગ્નની લાલચ આપી ત્રણ થી ચાર વખત દુષ્કર્મ આચર્યુ હતું.૯

મહેસાણા નજીક આવેલ હોસ્ટેલ મા રહેતી અને એક કોલેજમાં અભ્યાસ કરતી ૧૮ વર્ષીય યુવતી અને ઉદલપુર ગામે રહેતા વ્રજ પટેલ પણ એજ કોલેજમાં અભ્યાસ કરતો હતો.અભ્યાસ દરમિયાન યુવક યુવતી વચ્ચે અગાઉ મિત્રતા હતી એ દરમિયાન યુવકે યુવતી સાથેના ફોટો લીધા હતા.ત્યારબાદ યુવક અવારનવાર યુવતી ને ફોટો બતાવી બ્લેકમેલ કરતો અને ફોટોગ્રાફ કોલેજ માં બધાને બતાવી દેવાની ધમકીઓ આપતો હતો.

ત્યારબાદ યુવતી જે હોસ્ટેલ માં રહેતી ત્યાં તેને ડરાવી ધમકાવી હોસ્ટેલ માંથી રજા લેવડાવી યુવતીને ૨૮ ડિસેમ્બર ના રોજ પોતાના ઘરે ઉદલપુર લઈ ગયો હતો એ દરમિયાન રાત્રીના સમયે વ્રજ પટેલ નામના યુવકે પોતાના ઘરમાં યુવતીને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યું હતું.ત્યારબાદ યુવતીએ લગ્નનું કહેતા યુવકે લગ્નન કરતા મહેસાણા તાલુકા પોલીસ મા યુવતીએ વ્રજ પટેલ વિરુદ્ધ કલમ.૬૪ (૨)(એમ), ૮૭,૩૫૧ (૨) મુજબ ફરિયાદ નોંધાવી હતી.

### મહેસાણા સિવિલ કેન્ટીન સંચાલક પાસે બાકી રૂ.૮ લાખ વસૂલવા નિર્ણય કરાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મળનારી મહેસાણા સિવિલ હોસ્પિટલ રોગી કલ્યાણ સમિતિની બેઠકમાં અગાઉ જૂની હોસ્પિટલમાં ચાલતી કેન્ટીનના સંચાલક પાસેથી બાકી રહેલાં રૂ.૮ લાખ વસૂલવા માટે નિર્ણય કરવામાં આવનાર છે.

બેઠકમાં ઓએનજીસી અને ઉત્તર ગુજરાત વીજ કંપનીના સીએસઆર ફંડ, હોસ્પિટલમાં માનસિક વિભાગ પાસેની ગટર લાઈનના કાયમી નિકાલ અંગે, સરકારે બનાવેલા નવીન ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અને હોસ્પિટલ દ્વારા કરાયેલી ઉત્કૃષ્ટ કામગીરીનું પ્રેઝન્ટેશન સહિતના મુદ્દાઓની ચર્ચા કરાશે. ઉલ્લેખનીય છે કે, કેન્ટીન સંચાલક પાસેથી લેવાના નીકળતાં રૂ.૧૩ લાખમાં રાહત આપીને અગાઉની રોગી કલ્યાણ સમિતિની બેઠકમાં સંચાલકને રૂ.૮ લાખ ભરવા માટે નિયત સમય અપાયો હતો. પરંતુ છ મહિના વીતી ગયા હોવા છતાં હજુ એક પણ રૂપિયો ભરપાઈ નહીં કર્યો હોવાનું સિવિલ હોસ્પિટલના વહીવટી અધિકારીએ જણાવ્યું હતું.

Volume : 10 Issue : 273 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002